જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૧/૨૦૧૯ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૭૦/૧૯

## ઘરફોડ ચોરીના ગુનામાં ૧૮ વર્ષથી નાસતા ફરતા આરોપીને વડોદરા ખાતેથી પકડતી જીઆઈડીસી વટવા પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી રાખવામાં આવેલ નાસતા ફરતા આરોપીઓને પકડવાની ડ્રાઈવ અનુસંધાને તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર "જે" ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે પોલીસ ઈન્સ્પેક્ટર ડી.આર.ગોહિલ સાહેબની સુચના અનુસંધાને સર્વેલન્સ સ્કોડના પોસઈશ્રી વિરેન્દ્રસિંહ.એન.વાઘેલા નાઓએ જીઆઈડીસી વટવા પો.સ્ટેના ફ.ગુ.ર.નં ૩૭/૨૦૦૧ ધી ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબના ગુનાના કામના નાસતા ફરતા આરોપી વિજયકુમાર.સી.શુક્લા રહે- ગોવિંદનગર સાંઈધામ સોસાયટી પાછળ ખોડીયારનગર રોડ વડોદરા શહેર નાની તપાસ કરવા સારૂ તેઓના સર્વેલન્સ સ્કોડના અહેકો બળવંતસિંહ મંગળસિંહ તથા અપોકો ફીરોજશા મરદાનશા તથા અપોકો વિક્રમસિંહ રણજીતસિંહ તથા એલ.આર હરદીપસિંહ ભુપતસિંહ નાઓને તપાસ અર્થે વડોદરા શહેર ખાતે મોકલતા તપાસ દરમ્યાન આ નાસતો ફરતો આરોપી **વિજયકુમાર ઉર્ફે વિજયરામ સ/ઓ રામફેર ઉર્ફે પરમાનંદ શુક્લા ઉ.વ-૪૪ ધંધો- વકીલાત રહે- બી/૫૦ પંચમ ડુપ્લેક્ષ, વૈષ્ણવ પાર્કની બાજુમાં, સોમા તળાવ ચાર રસ્તા પાસે,ડભોઈ રોડ વડોદરા મુળવતન- ગામ- ખારા થાના-કુરેભાર તા-જી-સુલતાનપુરા ઉત્તરપ્રદેશ** નાનો ગણેશ ટીમ્બર માર્ટ જલારામ મંદિર સામે સમા વડોદરા શહેર ખાતેથી મળી આવેલ છે.સદરી આરોપીને તા:૧૦/૦૧/૧૯ ના ક:૨૦/૩૦ વાગે ઉપરોક્ત ગુનાના કામે અટક કરેલ છે.

## પોલીસ કંટ્રોલ રૂમ માં ખોટો લક્ષાકાંડ નો મેસેજ આપી બળજબરીથી પૈસા પડાવનાર ઈસમને પાસા હેઠળ પકડતી જીઆઇડીસી વટવા પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સા શ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર સા શ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જે" ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ " જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરુધ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલાં લેવાં કરેલ હુકમ અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી.આર.ગોહિલ નાઓએ **મહેશભાઈ દેવજીભાઈ શુક્લા ઉવ.૩૧ રહે.મ.નં ૯૪ સહકારનગર મેમ્કો પ્રેમનગર રચના સ્કુલની પાછળ નરોડા રોડ અમદાવાદ**નાનો "જાહેરવ્યવસ્થા" વિરુધ્ધના કૃત્યો કરતો હોય જેની વિરુધ્ધ શહેર કોટડા પો.સ્ટે અમદાવાદ શહેર ફ.ગુ.ર.નં ૪૮/૧૭ ધી ઈપીકો કલમ ૩૫૪(એ),૫૦૬(૧) તથા જીઆઈડીસી વટવા પો.સ્ટે અમદાવાદ શહેર ફ.ગુ.ર.નં ૬૯/૧૮ ધી ઈપીકો કલમ ૩૮૯,૫૧૧,૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ હોય.સદરી આરોપી વિરુધ્ધ પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસાહુકમ નંબર-ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૪૩/૧૯ તારીખ :૧૦/૦૧/૨૦૧૯ અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીની સર્વેલન્સ પોસઈ વિરેન્દ્રસિંહ.એન.વાઘેલા તથા સ્ટાફના માણસો વોચ કરતા મળી આવતા પકડી લઈ તા:૧૦/૦૧/૧૯ ના રોજ પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપેલ છે.

## આનંદનગર પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એન"ડીવીજન નાઓની સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટર આનંદનગર પોલીસ સ્ટેશન નાઓની રાહબરી હેઠળ અમદાવાદ શહેર તથા આજુબાજુ વિસ્તારમાંથી ગુનાહીત પ્રવૂતી નેશ નાબુદ કરવાની ઝુબેશ હેઠળ કાગડાપીઠ પો.સ્ટેશન ફ.ગુ.ર.ન-૧૬/૧૮ ઇપીકો કલમ ૪૫૪,૩૮૦ (૨) આનંદનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.ન-૧૬૭/૧૮ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબના કામના આરોપી સુરજ ઉર્ફે સુરેશ ઉર્ફે સુર્યા ડોન રમેશભાઇ ભીલ ઉ.વ.૨૦ રહે-લાલાભાઇની ચાલી ભીલવાસ પાસે શનિદેવ મંદિર રોડ મારૂતી  શો રૂમ સામે નારોલ ગામ અમદાવાદ શહેર મુળ ગામ-વડગામ થાના-રાનીવાડા તા.જી-સિરોહી(રાજસ્થાન) નાઓ કાયદો અને વ્યવસ્થા વિરુધ્ધના કૃત્યો કરતો હોય તેને આમ કરતો અટકાવવા સારુ પો.ઇન્સ શ્રી એસ.જે.બલોચ આનંદનગર પો.સ્ટેશન નાઓની રાહબરી અને સુચના હેઠળ (૧) હે.કો વસંતસિંહ સોમસિંહ બ.ન.૭૭૧૭ (૨) પો.કો હરિસિંહ જુવાનસિંહ બ.ન.૭૪૯૪ (૩) પો.કો દિલીપકુમાર ભીખુભાઇ બ.ન.૧૦૦૪૬ (૪) લોકરક્ષક શ્રધ્ધાબેન ગાંડાભાઇ બ.ન.૧૦૮૩૬ નાઓએ આરોપી વિરૂધ્ધના ગુનાઓ તથા તે સલંગ્ન માહીતી એકત્રીત કરી તેની વિરુધ્ધ ગુજરાત અસામાજીક પ્રવૃતિઓ અટકાવવા બાબતના અધિનિયમ (પાસા) ની કલમ ૩(૧) મુજબ અટકાયતમાં લેવા સારુ દરખાસ્ત ભરી પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી નાઓએ હુકમ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૪૨/૨૦૧૯ તા.૧૦/૦૧/૨૦૧૯ થી અટકાયતમાં લેવા સારુ હુકમ કરેલ હોય જે અટકાયત ટાળવા સારુ નાસ્તો ફરતો હોઇ જે સદરી અટકાયતીને ખાનગી બાતમી આધારે પો.ઇન્સ શ્રી આનંદનગર પો.સ્ટે નાઓની સુચનાથી પકડી લાવી પો.કમિ શ્રી ના હુકમ આધારે સદરીને તા.૧૦.૦૧.૨૦૧૯ ના રોજ પકડી કલાક ૨૦/૩૦ વાગે સદર હુકમની બજવણી કરી કેદ રહેવા સારુ સુરત જેલ ખાતે મોકલી જે બદલની પ્રસન્નીય કામગીરી કરેલ છે તા-૧૦/૦૧/૨૦૧૯

સંયુકત પોલીસ કમિશનરશ્રી સેકટર-૧ સા. તથા નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી "એન" ડીવિઝન તેમજ પોલીસ ઇન્સ્પેકટરશ્રી આનંદનગર પોલીસ સ્ટેશન નાઓએ હાલમાં બનતા વાહન ચોરીના ગુનાઓ અટકાવવા તથા શોધી કાઢવા આપેલ સુચના આધારે આજરોજ પોલીસ સબ.ઇન્સ. કે.ડી.જાદવ તથા પો.કો.શૈલેષભાઇ મોહનભાઇ તથા પો.કો.વિજયભાઇ મગનભાઇ તથા હે.કો.મગનભાઇ નરસિંહભાઇ બીજા સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.કો.શૈલેષભાઇ મોહનભાઇ તથા પો.કો.વિજયભાઇ મગનભાઇ નાઓને સંયુકત બાતમી આધારે એક ઇસમ નામે દિપક સ/ઓ અશોકકુમાર ખુશાલદાસ પ્રેમાણી ઉવ.૧૯ ધંધો બેકાર રહે,૩૦/૩૦૩ આનંદનગર ફલેટ આનંદનગર ચાર રસ્તા પાસે આનંદનગર અમદાવાદ શહેર નાઓને એક ચોરીના પ્લસર મોટર સાયકલ કિંમત રૂપિયા ૩૨,૦૦૦/- ની મતા સાથે પકડી આનંદનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૧૬૫/૨૦૧૮ ઇ.પી.કો.કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધી કાઢવામાં આવેલ છે.

## <u>દેશી કટ્ટા (તમંચા) તેમજ કારતુસ સાથે ઈસમને પકડતી જીઆઈડીસી વટવા પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી આગામી સમયમાં આવતા વાઈબ્રન્ટ ગુજરાત સમિટ તથા તહેવારો અનુસંધાને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ ગેરકાયદેસર હથિયારો રાખવાવાળા ઈસમોને શોધી કાઢવા માટે સુચના મળેલ જે અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જે' ડીવીઝન નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી.આર.ગોહિલ નાઓની સુચના અનુસાર સર્વેલન્સ પોસઈશ્રી વિરેંદ્રસિંહ.એન.વાઘેલા તથા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મસઈ મહેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ તથા અપોકો વિક્રમસિંહ રણજીતસિંહ તથા એલ.આર દીવ્યરાજસિંહ રવિન્દ્રસિંહ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે જશોદાનગર બોમ્બે કંડક્ટર રોડ ઉપર આવેલ મેલડી પાન સેન્ટર પાસે જાહેર રોડ ઉપરથી <u>ઈમરાનસાહ કલ્લુસાહ સૈયદ ઉ.વ ૨૨ રહે મ.નં ૫૮/૧, મુન્શીપુરા રામજીત પ્રજાપતિના મકાનમાં નવી વસાહત જશોદાનગર અમદાવાદ શહેર મુળવતન- ગામ- ફફુન્દ, મેવાતીયાન મહોલ્લા થાના-ફફુન્દ તા-ઓરૈયા જી-ઓરૈયા ઉત્તરપ્રદેશ</u> નાનો ગેરકાયદેસર રીતે એક દેશી કટ્ટો (તમંચો) કિંમત રૂ ૫૦૦૦/- તથા બે કારતુસ કિંમત રૂપિયા ૨૦૦/- ના રાખી મળી આવેલ હોય સદરીને તા:૧૦/૦૧/૧૯ ના ક:૧૯/૧૫ વાગે ધી આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧-બી)(એ) મુજબ અટક કરેલ છે.અને તેની પાસેથી મળી ઉપરોક્ત મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે.

## <u>પાસા બે અટકાયતીના આરોપીઓને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ.</u>

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ શ્રી હીમકરસિંગ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઈ સા. નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ પાસા અટકાયતી નં-૧ જયેશ ઉર્ફે લાલો દશરથભાઈ સોમાભાઈ ઠાકોર ઉવ.૨૨ રહે.મનં-૧૭/૫૨૦ મધુમલતી ઔડાના મકાનમાં સીંગરવા ઓઢવ અમદાવાદ શહેર તથા મુળ વતન ગામ-માછેલ ઠાકોર વાસ તા-માતર જી-ખેડા નાઓ પુરાવા ભેગા પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી. અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ નં-**PCB/DTN/PASA/39/18** તા.**09/01/2019** અન્વયે તથા પાસા અટકાયતી નં-૨ ધરમેંદ્ર ઉર્ફે ધમાલુ કોમલરાજભર રાય ઉવ.૨૩ રહે,ગોવિંદભાઈની ચાલી ગીરજાશંકર રાજભરના મકાનમાં લીલાનગર નિકોલ અમદાવાદ વિરૂધ્ધ પાસા હુકમ નં-**PCB/DTN/PASA/40/18** તા.**09/01/2019** અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીઓને પો.સ્ટે સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઈ શ્રી એસ.જે.ચૌહાણ તથા અ.હેડ.કોન્સ રામસિંહ લક્ષ્મણસિંહ બનં-૭૭૩૩ તથા પો.કો હરેશભાઈ જગમાલભાઈ બનં-૯૧૯૨ તથા લોકરક્ષક ધીરૂભાઈ જીવનભાઈ બનં-૧૧૬૬૨ તથા લોકરક્ષક હરપાલસિંહ રઘુવિરસિંહ બનં-૧૧૭૦૦ એ રીતેના પોલીસ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો હરેશભાઈ જગમાલભાઈ બનં-૯૧૯૨ તથા લોકરક્ષક ધીરૂભાઈ જીવનભાઈ બનં-૧૧૬૬૨ નાઓને મળેલ સયુંક્ત બાતમી આધારે ઉપરોક્ત બન્ને પાસા અટકાયતીને આજરોજ તા.૦૯.૦૧.૨૦૧૯ ના રોજ પકડી પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા હેઠળ પાસા અટકાયતી નં-૧ નાઓને રાજકોટ મધ્યસ્થ જેલ તથા પાસા અટકાયતી નં-૨ વડોદરા મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવેલ છે.તા.૦૯.૦૧.૨૦૧૯.

શાહિબાગ પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એફ" ડીવીજન નાઓના માર્ગદર્શન હેઠળ તથા પો.ઇન્સ.શ્રી એ.કે.પટેલનાઓની સુચનાથી શાહીબાગ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૩૩૫/૨૦૦૦ ધી ઇપીકો કલમ-૪૯૮(ક), ૫૦૬(૨), ૨૯૪(ખ),૧૧૪ મુજબના ગુનાના કામના આરોપી-દેવીલાલ ઉર્ફે દેવીયો ઘીસાજી જાતે-ગોસ્વામી રહે.શીવરામ સુખરામની ચાલી,બળીયા લીમડી, શાહીબાગ, અમદાવાદ શહેરનો છેલ્લા અઢાર વર્ષથી નાસતો-ફરતો હોવાથી પ્રો. પો.સબ.ઇન્સ.આર.પી.ડાભી તથા સર્વેલન્સ સ્કવોડ અ.હે.કો. બિપીનચંદ્ર ખુશાલદાસ બ.નં.૮૯૩૧ તથા અ.પો.કો.હિતેન્દ્રકુમાર લક્ષ્મીકાંત બ.નં.૪૬૧૯ નાઓ ગામ-બિચુન તા.દુદુ જી.જયપુર રાજસ્થાન ખાતે તપાસ કરતા ઉપરોકત આરોપી મળી આવતા ઉપરોકત ગુનામાં તા.૧૦/૦૧/૨૦૧૯ ના કલાક-૧૫/૦૦ પકડી અટક કરી સારી કામગીરી કરેલ છે તા.૧૦/૦૧/૨૦૧૯

# નરોડા પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુન્હામા નાસતા ફરતા આરોપીને પકડી પાડતી નરોડા પોલીસ

ઉપરી અધીકારીશ્રીઓ તરફથી હાલમા નાસતા ફરતા આરોપીઓ પકડવા સારૂ ડ્રાઇવ રાખવામા આવેલ હોય જે ડ્રાઇવ અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પો.સબ.ઇન્સ શ્રી એન.કે.ડાભી તથા સાથેના સ્ટાફના માણસોએ બાતમી હકીકત આધારે નરોડા પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં-૫૨૩૭/૧૫ પ્રોહી કલમ ૬૬બી,૬૫એઇ,૧૧૬(બી),૮૧ મુજબના ગુન્હાના કામના નાસતા ફરતા આરોપી અશોક ઉર્ફે રાજુ કાન્તીભાઇ ખરાડી ઉ.વ-33 રહે ખરાડી ફચીયુ,વીરપુર તા-ભીલોડા જી-અરવલ્લી નાને આજરોજ તા-૧૦/૦૧/૧૯ ના રોજ પકડવામાં આવેલ છે. તા-૧૦/૦૧/૨૦૧૯

## નાસતા ફરતા આરોપીને પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા મે. અધીક પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૪ સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી "જી" ડીવીઝન સાહેબ નાઓની સુચના અને સીધા માર્ગદર્શન હેઠળ નાસતા - ફરતા આરોપીઓ પકડવાની ડ્રાઇવ દરમ્યાન કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના નાસતા ફરતા આરોપીઓને પકડવા સારૂ સ્ટાફના માણસોની અલગ – અલગ ટીમો બનાવી નાસતા ફરતા આરોપીઓને શોધી પકડી પાડવા કાર્યવાહી કરતા કૃષ્ણનગરના પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડના અ.હેડ કોન્સ રમણભાઈ કરશનભાઈ બ.નં.૭૭૫૨ તથા ટીમના માણસો પો.કો. કલ્પેશભાઈ રણછોડભાઈ બ.નં.૫૦૭૧ તથા લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઈ બ.નં.૧૨૨૦ નાઓ સાથે રાજસ્થાન ખાતે તપાસ કરી નરોડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૪૧૬/૨૦૧૧ ઈ.પી.કો. કલમ ૩૮૧,૪૦૭,૪૧૧,૧૧૪ નાં ગુના નાં નાસ્તા ફરતા આરોપી (૧)મુકેશ કાળુજી ઠાકોર રહે.ગામ વીરપુર મેવાડા પોસ્ટ તા.જી.ડુંગરપુર રાજસ્થાન નાંનો આરોપી તા.૧૦/૦૧/૨૦૧૨ નાં રોજ મરણ ગયેલા નું મરણ સર્ટીની નકલ મેળવી સદર ગુના નાં બીજો આરોપી (૨) દિનેશ સ/ઓ ભીમાજી ધૂણાભાઈ જાતે કનીપાવ(વાદી) ઉ.વ.૨૮ રહે.ગામ વીરપુર મેવાડા પોસ્ટ તા.જી.ડુંગરપુર રાજસ્થાન નાનો તા.૦૯/૦૧/૨૦૧૯ નાં કલાક ૨૩/૧૫ વાગે સી.આર.પી.સી. કલમ ૪૧(૧)આઈ મુજબ પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.તા:૧૦/૦૧/૨૦૧૯

## અમરાઈવાડી પોલીસ સ્ટેશન

મે પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર ના પાસા હુકમ નં.PCB/DTN/PASA/૪૮/૨૦૧૮ તા.૧૦.૦૧.૨૦૧૯ ના પાસા અટકાયતી રિકેનભાઇ દશરથભાઇ સાવંત) મરાઠી ઉ.વ.૩૦ રહેવાસી બ્લોક નં.વી/૨૦૨ દિનદયાળ ફ્લેટ સરકારી યોજના વિવેકાનંદનગર હાથીજણ અમદાવાદ શહેર ના અમરાઇવાડી પો.સ્ટે પ્રોહિ ગુ.ર.નં.૫૦૦૭/૧૯ મુજબનો દાખલ થયેલ પ્રોહિબીશન ગુનામાં આરોપી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય આરોપીને પાસા હુકમની બજવણી કરી આજરોજ મધ્યસ્થ જેલ લાજપોર-સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.